# આકાશવાણી, ભુજ

**સમાચાર વાચક : નેહલ ઠક્કર**

**કોમ્પ્યુટર રાઈઝડ : અશરફ નથવાણી**

**તારીખ : ૨૬–૦૫–૨૦૧૮ સમય : સાંજે ૬.૨૫**

---

## સરકારને ચાર વર્ષ :

*કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચાની વર્તમાન સરકારને આજે ચાર વર્ષ પુરા થયા છે. એ નિમિત્તે કરેલી સંખ્યાબંધ ટવીટમાં શ્રી મોદીએ આજે સવારે જણાવ્યું છે કે સરકારે સર્વશ્રેષ્ઠ ઈરાદા અને સંપુર્ણ નિષ્ઠાથી ભવિષ્યદર્શી અને લોક કલ્યાણના નિર્ણયો લીધા છે. આ નિર્ણયોએ નુતન ભારત માટેનો પાયો નાખ્યો છે. પ્રધાનમંત્રીએ સરકારમાં અડગ વિશ્વાસ બતાવવા બદલ દેશના નાગરિકો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.*

*સરકારની ચોથી વરસગાંઠની ઉજવણીરૂપે એક પખવાડિયાનો રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ પણ શરૂ કરાશે. આકાશવાણીનો સમાચાર સેવા વિભાગ – એનડીએ સરકારને ચાર વર્ષ પુર્ણ થયા તે નિમિત્તે આજે ખાસ રેડીયો બ્રીજ કાર્યક્રમ પ્રસારિત કરશે. આ કાર્યક્રમમાં દિલ્હીના સ્ટુડીઓમાં ઉપસ્થિત નિષ્ણાંતો આકાશવાણીના મુંબઈ, અમદાવાદ, ચેન્નાઈ, ગુવહાટી, જમ્મુ અને જયપુર સ્ટુડીઓમાં ઉપસ્થિત નિષ્ણાંતો સાથે એનડીએ સરકારની જુદી જુદી યોજનાઓ અને સિધ્ધિઓ અંગે ચર્ચા કરશે. આકાશવાણીના એફ.એમ. ગોલ્ડ, રાજધાની અને વધારાની ફ્રિકવન્સીઓ પરથી આ ખાસ કાર્યક્રમ આજે રાતના સાડા નવ વાગે પ્રસારીત થશ*

**નેહલ ઠક્કર**

---

## મન કી બાત :

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે ૧૧ વાગે પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર તેમના વિચારો વ્યક્ત કરશે. મન કી બાતની આ ૪૪મી કડીનું પ્રધાનમંત્રી કાર્યાલયની માહિતી અને પ્રસારણ મંત્રાલયની તેમ જ આકાશવાણી અને દુરદર્શનની યુ ટ્યૂબ ચેનલો પરથી પણ પ્રસારણ કરાશે. આ ઉપરાંત આકાશવાણીની વેબસાઈટ ડોટ ઓલઈન્ડિયારેડિયા ડોટ જીઓવી ડોટ ઈન પર પણ સાંભળી શકાશે. પ્રધાનમંત્રી મન કી બાતનો ગુજરાતી ભાષાનુવાદ આવતીકાલે હિન્દીમાં પ્રસારણ પુરું થયા પછી તરત અને રાત્રે આઠ વાગે પુનઃ પ્રસારિત કરાશે.*

**નેહલ ઠક્કર**

---

## સીબીઅસસી ધો. ૧૨નું પરિણામ :

*કેન્દ્રિય ઉચ્ચતર શિક્ષણ બોર્ડ -* **CBSE** *એ લીધેલી ધોરણ બારની પરીક્ષાનું પરિણામ ૮૩ ટકા જાહેર થયું છે. ગાઝીયાબાદની મેઘના શ્રીવાસ્તવે ૫૦૦ માંથી ૪૯૯ માર્ક મેળવીને બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. ત્રિવેન્દ્રમ ક્ષેત્રનું પરિણામ સૌથી વધારે ૯૭.૩૨ ટકા જાહેર થયું છે. ૯૩.૮૭ ટકા પરિણામ સાથે ચેન્નાઈ બીજા અને ૮૯ ટકા પરિણામ સાથે દિલ્હી ત્રીજા સ્થાને છે.*

**નેહલ ઠક્કર**

---

## નિપાહ વાયરસ :

નિપાહ વાયરસનો આતંક ગુજરાતમાં ન ફેલાય તેના માટે સરકારના આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યના તમામે જિલ્લાઓમાં નિપાહ વાયરસની સર્વે કામગીરી હાથ ધરાઈ છે. જે અંતર્ગત કચ્છ જિલ્લામાં પણ સર્વેલન્સ હાથ ધરાયું છે.

**જેમાં** હાલ ફેલાતા નિપાહ વાયરસના ખતરાને ટાળવા માટે કચ્છમાં રૂટીન સર્વેલન્સની કામગીરી સાથે આ સર્વે કાર્ય પણ હાથ ધરાયું છે. કેરળમાં ફેલાયેલો આ વાયરસ પ્રવાસનને કારણે

કચ્છ-ગુજરાતમાં ન ફેલાય તેની તકેદારી રાખવામાં આવી રહી છે. જિલ્લામાં પથરાયેલા આરોગ્યના સ્ટાફ દ્વારા સતત અલગ અલગ સર્વે થતા જ રહે છે. ત્યારે તેની સાથે નિપાહ વાયરસના સર્વેની કામગીરી પણ થરૂ થઈ છે. આ વાયરસને કારણે લોકોમાં કોઈ પેનીક ન ફેલાય તે માટે તંત્ર દ્વારા સતર્કતા પૂર્વક કામગીરી હાથ ધરાઈ છે.

**નેહલ ઠક્કર**

————————————————————————————————————————

## સુશાસન પ્રશાસન :

પારદર્શકતા, સમાનતા, જવાબદારી, સહભાગીતા તેમજ કાયદા જેવી નીતિઓના માપદંડોને કેન્દ્રમાં રાખીને પ્રયાસો કરનારી કચ્છની 136 પંચાયતોને લર્નિંગ લેબ , સેતુ, અભિયાન, કચ્છ નવનિર્માણ અભિયાનના ઉપક્રમે કચ્છમિત્ર મીડિયા પાર્ટનરના સથવારે યોજાયેલા એક કાર્યક્રમમાં સન્માનિત કરાઈ હતી.

સુશાસનની પ્રવૃત્તિઓના આધારે પંચાયતો પારસ્પરિક શિક્ષણ મેળવે અને આગામી કાર્યકાળમાં તેનો ઉપયોગ કરીને વિકાસ કાર્યો કરે એ તેનો મુખ્ય ઉદેશ છે. કચ્છની પંચાયતોમાંથી 136 પંચાયતો આ પ્રકલ્પમાં જોડાઈ હતી. તેમાંથી 24 પંચાયતો તારવવામાં આવી અને સન્માન કરાયું. 'દરમ્યાન પંચાયતોની પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ કરીને તૈયાર થયેલી પુસ્તિકાનું અનાવરણ કરાયું હતું.

**નેહલ ઠક્કર**

————————————————————————————————————————

## ગ્રીન ટ્રિબ્યુનલ આદેશ :

ઊંટ ઉછેરક સંગઠને જંગી તથા આમલિયારા પાસે કાંઠાળપટ્ટમાં થતા ચેરિયાં નિકંદન અંગે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલમાં કરેલી અરજી અંતર્ગત આજે ટ્રિબ્યુનલે ક્રીકમાં થયેલું પુરાણ હટાવી દઇ ક્રીક પુન: ખોલવા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તથા જિલ્લા પ્રશાસનને આદેશ કર્યો હતો. સત્તાવાર સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ હસ્તકની કાંઠાળ જમીનો મીઠાંના હેતુ માટે ફાળવાયા પછી ત્યાં ચેરિયાં નિકંદન થતું હોવાની ફરિયાદ ઊંટ ઉછેરક મંડળે કરી હતી. દરિયાની

ક્રીકમાં પુરાણ થતાં ક્રીક બંધ?થઇ ગઇ હતી અને કુદરતી જળસ્રોત અવરોધાયો હતો. આ પુરાણ કોણે કર્યું તે મુદ્દે જવાબદારી કોઇએ સ્વીકારી નહોતી. દરમ્યાન, એન.જી.ટી.એ. આ ક્રીક તત્કાળ ખોલી નાખી તે અંગે એક સપ્તાહમાં રિપોર્ટ રજૂ કરવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તથા જિલ્લા પ્રશાસનને આદેશ કર્યો હતો.આ આદેશ અંગે ડીપીટી ઉપાધ્યક્ષ આલોકસિંઘે સમર્થન આપ્યું હતું.'

**નેહલ ઠક્કર**

---

## આરટીઈ હઠળ પ્રવેશની મુદત વધારાઈ :

**રાઈટ ટુ એજયુકેશન હેઠળ આર્થિક રીતે નબળા અને વચિત જથના બાળકોને ખાનગી શાળામાં મફત પ્રવશ આપવામાં આવે છે. જેની મુદત ૩૦ મી મે સુધી વધારવામાં આવી છે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ની યાદીમા જણાવ્યા મુજબ પ્રથમ તબકકે ૧૯૧૦ અરજી માન્ય રખાઈ હતી. જેમાં ૧૬૨ જેટલા વિદ્યાર્થિઓને તેમને પસંદગીની શાળા મળી ન હતી જેથી બીજા તબકકા સુધી બાકી રખાઈ હતી. જેમને ૩૦ મી મે સુધી પ્રવેશ મેળવી લેવા મુદત વધારાઈ છે.**

**નેહલ ઠક્કર**

---

## હવામાન :

*સૌરાષ્ટ્ર અને કચ્છના ઘણાં વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકમાં તાપમાન સામાન્ય કરતા વધારે નોંધાયું હતું. સૌથી વધુ ૪૪ ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું. આ ઉપરાંત, ભુજ, કંડલા એરપોર્ટ, અમરેલી, રાજકોટ, ગાંધીનગર, ઈડર અને વલ્લભ વિદ્યાનગરમાં ૪૨ ડિગ્રી, મહુવા અને ભાવનગર – ૩૯ , ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. આજ સમયગાળામાં લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતા ૧ થી ૪ ડિગ્રી વધારે નોંધાયું હતું.*

**નેહલ ઠક્કર**

---